Extra No. 306

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LX ] TUESDAY, NOVEMBER 5, 2019/KARTIKA 14, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૯.

તારીખઃ ૫મી નવેમ્બર, ૨૦૧૯ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**GUJARAT ACT NO. 24 OF 2019.**

# THE GUJARAT CONTROL OF TERRORISM AND ORGANISED CRIME ACT, 2019.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૧૯ના ઓક્ટોબર** મહિનાની **૧૫**મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે, આથી, સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**કે. એમ. લાલા,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 24 OF 2019.**

## AN ACT

*to make special provisions for prevention and control of terrorist acts and for coping with criminal activities by organised crime syndicates and for the matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૧૯નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૪.**

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૯ના **નવેમ્બર** મહિનાની **૫**મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

**આતંકવાદી કૃત્યોના નિવારણ અને નિયંત્રણ માટે અને સંગઠિત ગુના સિન્ડિકેટની ગુનાહિત પ્રવૃત્તિઓને પહોંચી વળવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈઓ કરવા બાબત અધિનિયમ.**

આથી, ભારતના ગણરાજ્યના છાસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ–

### પ્રકરણ ૧
### પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- વ્યાખ્યા.

(ક) તેના વૈયાકરણીય ફેરફારો અને સમૂલીય શબ્દપ્રયોગોમાં ''દુષ્પ્રેરણ કરવું''માં–

(૧) ખરેખર જાણ સાથે અથવા એવું માનવાને કારણ હોય કે કોઈ વ્યકિતના સંગઠિત ગુના સિન્ડિકેટમાં કોઈપણ રીતે મદદ કરવામાં રોકાયેલ એવી વ્યકિત સાથેના સંપર્ક અથવા જોડાણનો;

(૨) કોઈ કાયદેસર સત્તાધિકાર સિવાય, સંગઠિત ગુના સિન્ડિકેટને મદદ થવા સંભવ હોય તેવી કોઈપણ માહિતી, આપવા અથવા પ્રસિદ્ધ કરવા અને સંગઠિત ગુના સિન્ડિકેટ પાસેથી મેળવેલ કોઈપણ દસ્તાવેજ અથવા વિગત આપવા અથવા પ્રસિદ્ધ કરવા અથવા તેનો ફેલાવો કરવાનો; અને

(૩) આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કરવા માટે સંગઠિત ગુના સિન્ડિકેટને નાણાકીય અથવા અન્યથા કોઈપણ મદદ કરવાનો સમાવેશ થાય છે;

સન ૧૯૭૪નો ૨-જો.

(ખ) ''અધિનિયમ'' એટલે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩;

(ગ) ''ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખવી'' એટલે સંગઠિત ગુના સિન્ડિકેટના સભ્ય તરીકે અથવા જેના સંબંધમાં અગાઉના દસ વર્ષની મુદતની અંદર સક્ષમ કોર્ટ સમક્ષ એક કરતાં વધારે તહોમતનામાં ફાઈલ કરવામાં આવ્યા હોય અને એવા ગુનાની તે કોર્ટે ન્યાયિક નોંધ લીધી હોય તેવા સિન્ડિકેટ વતી પૃથક રીતે અથવા સંયુકત રીતે કરેલ, ત્રણ વર્ષ અથવા તેથી વધુ મુદતની કેદની શિક્ષાને પાત્ર પોલીસ અધિકારનો ગુનો હોય તેવી, તત્સમયે અમલમાં હોય તેવા કાયદાથી પ્રતિબંધિત પ્રવૃત્તિ;

(ઘ) ''આર્થિક ગુના''માં નાણાકીય લાભો મેળવવા અથવા કોઈપણ સ્વરૂપે મોટા પ્રમાણમાં સંગઠિતરૂપે શરત લગાવવા માટે મોટા પ્રમાણમાં લોકોને છેતરવાના હેતુથી, પોન્ઝી સ્કીમ (કપટયુક્ત યોજના) અથવા મલ્ટિ-લેવલ માર્કેટિંગ સ્કીમ (બહુસ્તરીય ખરીદવેચાણ યોજના) ચલાવવાનો સમાવેશ થાય છે;

(ચ) ''સંગઠિત ગુના'' એટલે કોઈપણ વ્યકિત પૃથક રીતે અથવા સંયુકત રીતે, હિંસા અથવા હિંસાની ધમકી અથવા ધાકધમકી અથવા જબરદસ્તી અથવા બીજા ગેરકાયદે સાધનોના ઉપયોગથી સંગઠિત ગુના સિન્ડિકેટના સભ્ય તરીકે અથવા એવી સિન્ડિકેટ વતી ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રેક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાયબર ગુના, મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા, વેશ્યાવૃત્તિ માટે માનવ-તસ્કરી કૌભાંડ (હયુમન ટ્રાફિકીંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની તેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અને આતંકવાદી કૃત્ય ચાલુ રાખવું તે;

(છ) ''સંગઠિત ગુના સિન્ડિકેટ'' એટલે સંગઠિત ગુનાની પ્રવૃત્તિઓ કરતી સિન્ડિકેટ અથવા ટોળી તરીકે પૃથક અથવા સંયુકત રીતે કાર્ય કરતી બે અથવા તેથી વધુ વ્યકિતઓની ટુકડી;

(જ) ''વિશેષ કોર્ટ'' એટલે કલમ ૫ હેઠળ રચાયેલ વિશેષ કોર્ટ;

(ઝ) ''આતંકવાદી કૃત્ય'' એટલે જાહેર વ્યવસ્થાને વિક્ષિપ્ત કરવાના ઈરાદાથી અથવા રાજયની એકતા, અખંડિતતા અને સુરક્ષાને ખતરો ઊભો કરવા માટે બોમ્બથી, દારૂગોળાથી અથવા બીજા વિસ્ફોટક દ્રવ્યથી અથવા જ્વલનશીલ સામગ્રીથી અથવા અગ્ન્યાસ્ત્રોથી અથવા બીજા ઘાતક હથિયારો અથવા ઝેર અથવા હાનિકારક વાયુઓ અથવા બીજા રસાયણો અથવા હાનિકારક પ્રકારના (જૈવિક અથવા અન્યથા) કોઈ બીજા દ્રવ્યનો ઉપયોગ કરીને લોકમાનસમાં અથવા લોકોના કોઈ વર્ગના મનમાં એવી રીતે ભય ઊભો કરવો અથવા કોઈ જાહેર હોદ્દેદાર અથવા કોઈ વ્યક્તિનું મૃત્યુ અથવા તેને ઈજા થાય અથવા કોઈ મિલકતને નુકસાન અથવા તેનો નાશ થવાથી હાનિ થાય અથવા સમુદાયના જીવન માટે આવશ્યક હોય તેવા કોઈ

પુરવઠા અથવા સેવાઓ ખોરવાઈ જાય તેવું કરવામાં આવેલું કોઈ કૃત્ય અથવા રાજય સરકારને કોઈ કાર્ય કરવા અથવા કાર્ય કરતાં અટકાવવા માટે ફરજ પાડવાના ઈરાદાથી આવી કોઈ વ્યકિતને અટકાયતમાં લેવાનું અને તે વ્યકિતને મારી નાખવા અથવા ઈજા કરવાની ધમકી આપવાનું કૃત્ય.

(૨) આ અધિનિયમમાં વાપરેલ પણ વ્યાખ્યાયિત ન કરેલ અને અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલ શબ્દો અને શબ્દપ્રયોગોનો, તે અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપ્યો છે તે જ અર્થ થશે.

## પ્રકરણ ૨

## શિક્ષા

**આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના માટે શિક્ષા.**

૩. (૧) આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાનો કોઈ અપરાધ કરે તે વ્યકિત,-

(૧) આવો ગુનો કોઈપણ વ્યકિતના મૃત્યુમાં પરિણમે, તો મૃત્યુદંડ અથવા આજીવન કેદની શિક્ષાને પાત્ર થશે અને દસ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડને પણ પાત્ર થશે;

(૨) બીજા કોઈ કિસ્સામાં, પાંચ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી મુદતની પણ આજીવન કેદ સુધીની શિક્ષાને પાત્ર થશે અને પાંચ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડને પણ પાત્ર થશે.

(૨) જે કોઈ વ્યકિત, આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનો અથવા કોઈ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાની પૂર્વતૈયારીરૂપ કોઈ કૃત્ય આચરવાનું ષડયંત્ર કરે અથવા આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનો કે તેની પૂર્વતૈયારીરૂપ કોઈ કૃત્ય આચરવાનો પ્રયાસ કરે અથવા તેને સમર્થન આપે, દુષ્પ્રેરણ કરે અથવા આચરવા માટે જાણીબૂઝીને સરળતા કરી આપે તે, પાંચ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પણ આજીવન કેદ સુધીની મુદત માટેની શિક્ષાને પાત્ર થશે અને પાંચ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

(૩) જે કોઈ વ્યકિતએ ઈરાદાપૂર્વક કોઈ આતંકવાદી કૃત્યનો ગુનો કર્યો હોય તેવી કોઈ વ્યક્તિને અથવા સંગઠિત ગુના સિન્ડિકેટના કોઈપણ સભ્યને આશ્રય આપે અથવા છુપાવે અથવા આશ્રય આપવાનો અથવા છુપાવવાનો પ્રયત્ન કરે તે, પાંચ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પણ આજીવન કેદ સુધીની મુદત માટેની શિક્ષાને પાત્ર થશે અને પાંચ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

(૪) સંગઠિત ગુના સિન્ડિકેટની સભ્ય હોય તેવી કોઈપણ વ્યકિત, પાંચ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પણ આજીવન કેદ સુધીની મુદત માટેની શિક્ષાને પાત્ર થશે અને પાંચ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

(૫) જે કોઈ વ્યકિત, આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનો કર્યેથી મળેલ અથવા મેળવેલ અથવા સંગઠિત ગુના સિન્ડિકેટના ફંડ મારફત સંપાદિત કરેલ હોય તેવી કોઈપણ મિલકત ધરાવે તે ત્રણ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પણ આજીવન કેદ સુધીની મુદત માટેની શિક્ષાને પાત્ર થશે અને બે લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

**સંગઠિત ગુના સિન્ડિકેટના સભ્ય વતી બિન હિસાબી મિલકતનો કબજો ધરાવવા માટેની શિક્ષા.**

૪. કોઈપણ વ્યક્તિ, જેનો સંતોષકારક રીતે હિસાબ ન આપી શકે તેવી સ્થાવર અથવા જંગમ મિલકત, સંગઠિત ગુના સિન્ડિકેટના સભ્ય વતી ધરાવતી હોય અથવા કોઈપણ સમયે તે ધરાવી ચૂકી હોય, તો તે, ત્રણ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પણ દસ વર્ષની આજીવન કેદ સુધીની મુદત માટેની શિક્ષાને પાત્ર થશે અને એક લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશે અને આવી મિલક્ત, કલમ ૧૮થી જોગવાઈ કર્યા પ્રમાણે ટાંચ અને સરકાર દાખલ કરવાને પણ પાત્ર થશે.

## પ્રકરણ ૩

## વિશેષ કોર્ટ

વિશેષ કોર્ટ.

**૫.** (૧) રાજ્ય સરકાર, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો માટે અથવા તેવા કેસ અથવા કેસોના વર્ગ અથવા જૂથ માટે, એક અથવા વધારે વિશેષ કોર્ટની રચના કરી શકશે.

(૨) કોઈપણ વિશેષ કોર્ટની હકૂમતના સંબંધમાં પ્રશ્ન કોઇ ઉપસ્થિત થાય તો, તે રાજ્ય સરકારને લખી જણાવવો જોઈશે, જેનો નિર્ણય આ બાબતમાં આખરી ગણાશે.

(૩) રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી, નીમવાના ન્યાયાધીશ, વિશેષ કોર્ટના અધ્યક્ષસ્થાને રહેશે.

(૪) રાજ્ય સરકાર, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી, વિશેષ કોર્ટની હકૂમત વાપરવા માટે વધારાના ન્યાયાધીશો પણ નીમી શકશે.

(૫) કોઈપણ વ્યક્તિ, વિશેષ કોર્ટના ન્યાયાધીશ અથવા વધારાના ન્યાયાધીશ તરીકેની નિમણૂક માટે, આવી નિમણૂકની તરત પહેલાં તે અનુક્રમે સેશન્સ ન્યાયાધીશ અથવા વધારાના સેશન્સ ન્યાયાધીશ હોય તે સિવાય લાયક ગણાશે નહિ.

(૬) વિશેષ કોર્ટમાં કોઈપણ વધારાના ન્યાયાધીશ અથવા વધારાના ન્યાયાધીશો નિમાયેલ હોય ત્યારે, વિશેષ કોર્ટના ન્યાયાધીશ, વખતોવખત, લેખિતમાં, સામાન્ય અથવા ખાસ હુકમથી, વિશેષ કોર્ટના કામકાજની પોતાની અને વધારાના ન્યાયાધીશ અથવા વધારાના ન્યાયાધીશો વચ્ચે ફાળવણી કરવા માટેની અને તેમની અથવા કોઇ વધારાના ન્યાયાધીશની ગેરહાજરીના પ્રસંગે તાકીદના કામકાજના નિકાલ માટે પણ જોગવાઈ કરી શકશે.

વિશેષ કોર્ટની હકૂમત.

**૬.** અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર દરેક ગુનાની ઈન્સાફી કાર્યવાહી, જેની સ્થાનિક હકૂમતમાં તે કરવામાં આવ્યો હોય તે જ વિશેષ કોર્ટે અથવા યથાપ્રસંગ, કલમ ૫ની પેટા-કલમ (૧) હેઠળ આવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે રચાયેલ વિશેષ કોર્ટે જ કરવી જોઇશે.

બીજા ગુનાના સંબંધમાં વિશેષ કોર્ટની સત્તા.

**૭.** (૧) આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇપણ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરતી વખતે, વિશેષ કોર્ટ, કોઈ ગુનો, એવા બીજા ગુના સાથે સંકળાયેલ હોય તો આરોપી પર જે આરોપ મૂકવામાં આવ્યો હોય તેની સામે અધિનિયમ હેઠળ જે રીતે ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેવી જ ઈન્સાફી કાર્યવાહી, આવા બીજા ગુના માટે પણ કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કોઇ ગુનાની કોઇપણ ઈન્સાફી કાર્યવાહી દરમિયાન, વિશેષ કોર્ટને એમ જણાય કે આ અધિનિયમ હેઠળ અથવા બીજા કોઇપણ કાયદા હેઠળનો કોઇપણ ગુનો આરોપીએ કરેલ છે, તો, તે આવા બીજા ગુના માટે આવી વ્યકિતને દોષિત ઠરાવી શકશે અને આ અધિનિયમ અથવા યથાપ્રસંગ, આવા બીજા કાયદા હેઠળ અધિકૃત કરેલી કોઇપણ સજા કરી શકશે અથવા શિક્ષાનો ચુકાદો આપી શકશે.

પબ્લિક પ્રોસિકયુટર.

**૮.** (૧) રાજ્ય સરકાર, દરેક વિશેષ કોર્ટ માટે, કોઇ વ્યકિતને પબ્લિક પ્રોસિકયુટર તરીકે નીમશે અને એક અથવા વધારે વ્યકિતઓને વધારાના પબ્લિક પ્રોસિકયુટર તરીકે નીમી શકશે અને કોઇપણ કેસ અથવા કેસોના વર્ગ અથવા જૂથ માટે ખાસ પબ્લિક પ્રોસિકયુટર પણ નીમી શકશે.

(૨) કોઇ વ્યકિતએ ઓછામાં ઓછા દસ વર્ષ માટે એડવોકેટ તરીકે પ્રેકિટસ કરેલ હોય તે સિવાય તે પબ્લિક પ્રોસિકયુટર, વધારાના પબ્લિક પ્રોસિકયુટર અથવા ખાસ પબ્લિક પ્રોસિકયુટર તરીકે નીમાવા માટે લાયક ગણાશે નહિ.

(૩) આ કલમ હેઠળ પબ્લિક પ્રોસિકયુટર અથવા વધારાના પબ્લિક પ્રોસિકયુટર અથવા ખાસ પબ્લિક પ્રોસિકયુટર તરીકે નિમાયેલ દરેક વ્યકિત, અધિનિયમની કલમ ૨ના ખંડ (ભ)ના અર્થ મુજબ 'પબ્લિક પ્રોસિકયુટર' હોવાનું ગણાશે અને તે અધિનિયમની જોગવાઇઓ તદનુસાર અમલમાં રહેશે.

**વિશેષ કોર્ટની કાર્યરીતિ અને સત્તા.**

૯. (૧) કલમ ૨૨ની જોગવાઇઓને અધીન રહીને, વિશેષ કોર્ટ, આરોપીએ ગુનો કર્યો હોય તે સિવાય, આવો ગુનો બનતી હકીકતોની ફરિયાદ મળ્યે અથવા આવી હકીકતોનો પોલીસ રિપોર્ટ મળ્યે, કોઇ ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે ન્યાયિક નોંધ લઇ શકશે.

(૨) વિશેષ કોર્ટ દ્વારા ઇન્સાફી કાર્યવાહી કરવા પાત્ર કોઇ ગુનો ત્રણ વર્ષથી વધુ નહિ તેટલી મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષાને પાત્ર હોય ત્યારે, વિશેષ કોર્ટ, અધિનિયમની કલમ ૨૬૦ની પેટા-કલમ (૧) અથવા કલમ ૨૬૨માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તે અધિનિયમમાં ઠરાવેલી કાર્યરીતિ અને આવી ઇન્સાફી કાર્યવાહીને લાગુ પડે છે તેટલે સુધી તે અધિનિયમની કલમ ૨૬૩થી ૨૬૫ની જોગવાઇઓ અનુસાર સંક્ષિપ્ત રીતે તેની ઇન્સાફી કાર્યવાહી કરી શકશેઃ

પરંતુ આ પેટા-કલમ હેઠળની સંક્ષિપ્ત ઇન્સાફી કાર્યવાહી દરમિયાન, વિશેષ કોર્ટને એમ જણાય કે કેસનો પ્રકાર એવો છે કે તેની સંક્ષિપ્ત રીતે ઇન્સાફી કાર્યવાહી કરવી ઇચ્છનીય નથી, તો વિશેષ કોર્ટ, જેમને તપાસી શકાય તેવા સાક્ષીઓને પાછા બોલાવશે અને આવા ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે અધિનિયમની જોગવાઇઓથી જોગવાઇ કરેલી રીતે કેસની ફેરસુનાવણી કરવા આગળ વધશે અને સદરહુ જોગવાઇઓ, જે રીતે મેજિસ્ટ્રેટ અને તેમના સંબંધમાં લાગુ પડે છે તેમ વિશેષ કોર્ટ અને તેના સંબંધમાં લાગુ પડશેઃ

વધુમાં, આ કલમ હેઠળ સંક્ષિપ્ત ઇન્સાફી કાર્યવાહીમાં કોઇપણ ગુના સાબિતીના કિસ્સામાં, બે વર્ષ કરતાં વધુ નહિ તેટલી મુદતની કેદની સજા કરવાનું વિશેષ કોર્ટ માટે કાયદેસર ગણાશે.

(૩) આ અધિનિયમની બીજી જોગવાઇઓને અધીન રહીને, કોઇ ગુનાની ઇન્સાફી કાર્યવાહીના હેતુ માટે, વિશેષ કોર્ટને, સેશન્સ કોર્ટની તમામ સત્તા રહેશે અને સેશન્સ કોર્ટ સમક્ષ ઇન્સાફી કાર્યવાહી કરવા માટે અધિનિયમમાં ઠરાવેલી કાર્યરીતિ અનુસાર હોય તેટલે સુધી, જાણે કે પોતે સેશન્સ કોર્ટ હોય તેમ આવા ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરશે.

**વિશેષ કોર્ટની ઇન્સાફી કાર્યવાહીનો અગ્રાધિકાર હોવા બાબત.**

૧૦. (વિશેષ કોર્ટ ન હોય તેવી) બીજી કોઇપણ કોર્ટમાં આરોપી સામેના બીજા કોઇપણ કેસની ઇન્સાફી કાર્યવાહી ઉપર, આ અધિનિયમ હેઠળના કોઇ ગુનાની વિશેષ કોર્ટ દ્વારા થતી ઇન્સાફી કાર્યવાહીનો અગ્રાધિકાર રહેશે અને તે, આવા બીજા કેસની ઇન્સાફી કાર્યવાહીના અગ્રતાક્રમમાં પૂરી કરાશે અને તદનુસાર બીજી કોઇ કોર્ટમાં એવા બીજા કેસની ઇન્સાફી કાર્યવાહી મોકૂફ રહેશે.

**નિયમિત કોર્ટમાં કેસોને તબદીલ કરવાની સત્તા.**

૧૧. કોઇ ગુનાની ન્યાયિક નોંધ લીધા પછી, વિશેષ કોર્ટનો એવો અભિપ્રાય હોય કે ગુનાની ઇન્સાફી કાર્યવાહી પોતાનાથી થઇ શકે તેમ નથી, તો તે, એવા ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે તેને હકૂમત ન હોવા છતાં, એવા ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે કેસને, અધિનિયમ હેઠળ હકૂમત ધરાવતી કોઇપણ કોર્ટને તબદીલ કરશે અને જેને કેસ તબદીલ કરવામાં આવ્યો હોય તે કોર્ટ, જાણે કે તેણે ગુનાની ન્યાયિક નોંધ લીધી હોય તેમ ગુનાની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરશે.

**વચગાળાની જોગવાઇઓ અને અનિર્ણિત કાર્યવાહીઓની તબદીલી.**

૧૨. (૧) અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાના કિસ્સામાં, કલમ ૫ હેઠળ વિશેષ કોર્ટ રચવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમથી વિશેષ કોર્ટને મળેલી હકૂમત, જયાં આવો ગુનો કરવામાં આવ્યો હોય તે ડિવિઝનની સેશન્સ કોર્ટ ધરાવશે અને તેને આ અધિનિયમ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણેની તમામ સત્તા રહેશે અને આ અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણેની કાર્યરીતિ અનુસરશે.

(૨) કલમ ૫ હેઠળ વિશેષ કોર્ટની રચના કરવામાં આવે તે તારીખે અને તે તારીખથી, વિશેષ કોર્ટ સમક્ષ ચાલવા જોઇએ તેવા આ અધિનિયમની જોગવાઇઓ હેઠળની દરેક ઇન્સાફી કાર્યવાહી, વિશેષ કોર્ટની રચના કરવામાં આવે તે તારીખે અને તે તારીખથી વિશેષ કોર્ટમાં તબદીલ થશે.

અપીલ. ૧૩. (૧) અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વિશેષ કોર્ટના કોઇ ચુકાદા, સજા અથવા વચગાળાનો હુકમ ન હોય તેવા હુકમ સામેની અપીલ, હાઇકોર્ટમાં કરવી જોઇશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળની દરેક અપીલ, આરોપીએ ચુકાદા, સજા અથવા હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર કરવી જોઇશે.

સન ૧૯૬૩નો ૩૬મો. (૩) મુદતની મર્યાદાની ગણતરી કરતી વખતે, મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪ અને ૧૨ શકય હોય તેટલે સુધી લાગુ પડશે.

## પ્રકરણ ૪
## સંદેશાવ્યવહાર આંતરવા બાબત અને મિલકત ટાંચમાં લેવા બાબત.

(સંદેશાવ્યવહાર) આંતરીને ભેગા કરેલા પુરાવાની ગ્રાહ્યતા. ૧૪. આ અધિનિયમમાં અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, બીજા કોઇ કાયદાની જોગવાઇઓ હેઠળ તાર, ઇલેકટ્રોનિક અથવા મૌખિક સંદેશાવ્યવહાર મારફત ભેગા કરેલા પુરાવા, કેસની ઇન્સાફી કાર્યવાહી દરમિયાન કોર્ટમાં આરોપી સામે પુરાવા તરીકે ગ્રાહ્ય રહેશે :

પરંતુ ઇન્સાફી કાર્યવાહી, સુનાવણી અથવા કાર્યવાહીના ઓછામાં ઓછા દસ દિવસ પહેલાં, જેના હેઠળ આંતરવાની બાબતને અધિકૃત અથવા માન્ય કરવામાં આવી હોય તેવા સંબંધિત સત્તાધિકારીના હુકમની નકલ દરેક આરોપીને પૂરી પાડવામાં આવેલી હોય તે સિવાય આંતરેલા કોઇ તાર, ઇલેકટ્રોનિક અથવા મૌખિક સંદેશાવ્યવહારની વિષયવસ્તુ અથવા તેમાંથી મેળવેલા પુરાવા, પુરાવા તરીકે મેળવવા જોઇશે નહિ અથવા અન્યથા કોઇ કોર્ટમાં ઇન્સાફી કાર્યવાહી, સુનાવણી અથવા અન્ય કાર્યવાહી દરમિયાન પ્રગટ કરવા જોઇશે નહિ :

વધુમાં, ગુના અંગે ઇન્સાફી કાર્યવાહી કરતાં ન્યાયાધીશ એવા તારણ પર આવે કે ઇન્સાફી કાર્યવાહી, સુનાવણી અથવા કાર્યવાહીના દસ દિવસ પહેલાં આરોપીને ઉપર્યુકત માહિતી પૂરી પાડવાનું શકય ન હોય અને આવી માહિતી મેળવવામાં વિલંબ થવાથી, આરોપીના હિતને બાધ આવે તેમ ન હોય તો ન્યાયાધીશ દસ દિવસની મુદત જતી કરી શકશે.

પુરાવાના ખાસ નિયમો. ૧૫. (૧) અધિનિયમમાં અથવા ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળના ગુના અથવા તેની સાથે સંકળાયેલા ગુનાની ઇન્સાફી કાર્યવાહી અને શિક્ષાના હેતુઓ માટે, કોર્ટ નીચેની બાબતોને સાબિતી પૂરી પાડનાર હકીકત તરીકે ધ્યાનમાં લઇ શકશે:- સન ૧૮૭૨નો ૧લો.

(ક) આરોપીની અટકાયત થઇ હતી અને સક્ષમ સત્તાધિકારીએ, નિવારક અટકાયતને લગતાં કોઇ કાયદા હેઠળ, કોઇ સક્ષમ કોર્ટનો હુકમ, હોય તો, તેને અધીન રહીને એવી અટકાયતને બહાલી આપેલ હતી; અથવા

(ખ) અગાઉના કોઇપણ પ્રસંગે, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ આરોપી ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું.

(૨) એવું સાબિત થાય કે કોઇ આંતકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનામાં સંડોવાયેલી કોઇ વ્યકિત અથવા તેના વતી કોઇ વ્યકિત, જેનો તે સંતોષકારક રીતે હિસાબ આપી શકે નહિ તેવી સ્થાવર અથવા જંગમ મિલકતનો કબજો ધરાવતી હોય અથવા કોઇપણ સમયે ધરાવેલ હોય, ત્યારે તેથી વિરુદ્ધનું કંઇપણ સાબિત

થયેલ હોય તે સિવાય, વિશેષ કોર્ટ એમ માની લેશે કે તેણે, આવી મિલકત અથવા નાણાકીય સ્રોત તેની ગેરકાયદે પ્રવૃત્તિઓથી સંપાદિત કરેલ છે અથવા મેળવેલ છે.

(૩) આરોપીએ અપહરણ કર્યું છે અથવા કોઇ વ્યકિતને ભોળવીને ભગાડી જવામાં આવી છે એમ સાબિત થાય, ત્યારે વિશેષ કોર્ટ, તે બાનની રકમ માટે થયેલ છે એમ માની લેશે.

**સન ૧૮૭૨-નો ૧લો.** **પોલીસ અધિકારી સમક્ષ કરેલ અમુક કબૂલાત વિચારણામાં લેવા બાબત.**

**૧૬.** (૧) અધિનિયમમાં અથવા ભારતના પુરાવા અધિનિયમ, ૧૮૭૨-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ આ કલમની જોગવાઇઓને અધીન રહીને, પોલીસ અધીક્ષકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય એવા પોલીસ અધિકારી સમક્ષ અથવા જે વિસ્તારો માટે રાજ્ય સરકારે પોલીસ કમિશનરની નિમણૂક કરી હોય તે વિસ્તારો માટે, પોલીસ અધીક્ષકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય એવા પોલીસ અધિકારી સમક્ષ વ્યકિતએ કરેલ કબૂલાત અને એવા પોલીસ અધિકારીએ, લેખિતમાં અથવા કેસેટ, ટેપ અથવા સાઉન્ડ ટ્રેક જેવા કોઇ યાંત્રિક અથવા ઇલેકટ્રોનિક સાધનો જેમાંથી અવાજ અથવા ચિત્રો ફરીથી સાંભળી કે જોઇ શકાય એમ હોય, તેના પર રેકર્ડ કરેલ હોય, તો તે, એવા આરોપી, સહ-આરોપી, ગુના સહાયક અથવા કાવતરાખોરની ઇન્સાફી કાર્યવાહી માટે આ અધિનયમની જોગવાઇઓ હેઠળ ગુના માટે ગ્રાહ્ય ગણાશે :

પરંતુ આરોપી સાથે તે જ કેસમાં સહ-આરોપી, ગુના સહાયક અથવા કાવતરાખોર પર આરોપ મૂકવામાં આવ્યો હોવો જોઇએ અને ઇન્સાફી કાર્યવાહી કરેલી હોવી જોઇએ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી કબૂલાત, ધાકધમકી અને પ્રલોભનમુકત વાતાવરણમાં નોંધવી જોઇશે અને વ્યકિત જે ભાષામાં કબૂલાત કરે તે જ ભાષામાં તે નોંધવી જોઇશે.

(૩) પોલીસ અધિકારીએ, પેટા-કલમ (૧) હેઠળ, વ્યકિતએ કોઇ કબૂલાત નોંધતા પહેલાં, કબૂલાત કરતી એવી વ્યકિતને એમ જણાવવું જોઇશે કે તે (વ્યકિત) કબૂલાત કરવા બંધાયેલ નથી અને જો તે કબૂલાત કરે, તો તે કબૂલાત તેની સામે પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાશેઃ

પરંતુ એવા પોલીસ અધિકારીએ, આવી કબૂલાત નોંધવી જોઇશે નહિ, સિવાય કે કબૂલાત કરતી વ્યકિતને પ્રશ્નો પૂછયેથી, તેમને એવી ખાતરી થાય કે આવી કબૂલાત સ્વૈચ્છિક રીતે થઇ રહી છે.

(૪) સંબંધિત પોલીસ અધિકારીએ, આવી સ્વૈચ્છિક કબૂલાત નોંધ્યા પછી કબૂલાતની નીચે, તેની પર લેખિતમાં તારીખ અને સમય દર્શાવીને, આવી કબૂલાતની સ્વૈચ્છિકતાની પોતાની વ્યકિતગત ખાતરી પ્રમાણિત કરવી જોઇશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ નોંધેલ દરેક કબૂલાત, તે જે વિસ્તારમાં નોંધવામાં આવેલ હોય તેવી હકૂમત ધરાવતા ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટને તાત્કાલિક અસલ મોકલવી જોઇશે અને આવા મેજિસ્ટ્રેટ-એ પોતાને એવી રીતે મળેલ અસલ નોંધાયેલી કબૂલાત, ગુનાની ન્યાયિક નોંધ લઇ શકે તેવી વિશેષ કોર્ટને મોકલવી જોઇશે.

(૬) પેટા-કલમ (૧) હેઠળ જે વ્યકિત પાસેથી કબૂલાત નોંધેલ હોય તે વ્યકિતને, અડતાળીસ કલાકની અંદર પેટા-કલમ (૫) હેઠળ જેને કબૂલાત મોકલવા માટે ફરમાવેલ હોય તેવા ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઇશે અને તેની સાથે કોઇ ફેરફાર કર્યા વગરના અથવા કોઇપણ રીતે ચેડાં કર્યા સિવાયના તેના મૂળ સ્વરૂપમાં હોય તેવું લેખિત અથવા યાંત્રિક અથવા ઇલેકટ્રોનિક સાધન પર નોંધેલ કબૂલાતનું નિવેદન રજૂ કરવું જોઇશે.

(૭) ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ-એ અથવા ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ-એ, એવી રીતે હાજર કરવામાં આવેલ આરોપીએ કરેલું કોઇ નિવેદન, કોઇ હોય, તો તે નિવેદનને નોંધવું જોઇશે અને તેની સહી લેવી જોઇશે અથવા તેના અંગૂઠાની છાપ મેળવવી જોઇશે અને ત્રાસ આપ્યાની કોઇ ફરિયાદ હોય, તો સિવિલ સર્જન સમક્ષ તબીબી પરીક્ષણ માટે, તે આરોપીને રજૂ કરાવવાનો આદેશ આપવો જોઇશે.

સાક્ષીઓના રક્ષણ બાબત.

૧૭. (૧) અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળની કાર્યવાહીઓ, વિશેષ કોર્ટ તેમ ઇચ્છે તો ખાનગીમાં યોજી શકશે.

(૨) વિશેષ કોર્ટને, પોતાની સમક્ષની કોઇ કાર્યવાહીમાંના કોઇ સાક્ષીએ અથવા આવા સાક્ષીના સંબંધમાં પબ્લિક પ્રોસિક્યુટર-એ કરેલ અરજી પરથી અથવા પોતાની મેળે, એમ ખાતરી થાય કે એવા સાક્ષીનો જીવ જોખમમાં છે, તો તે, કોઇ સાક્ષીની ઓળખ અને સરનામું ગુપ્ત રાખવા માટે, પોતે યોગ્ય ગણે એવા પગલાં લઇ શકશે.

(૩) ખાસ કરીને અને પેટા-કલમ (૨)ની જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, તે પેટા-કલમ હેઠળ વિશેષ કોર્ટ લઇ શકે એવા પગલામાં નીચેની બાબતોનો સમાવેશ થઇ શકશે:

(ક) વિશેષ કોર્ટ નક્કી કરે તેવા સ્થળે કાર્યવાહી યોજવા બાબત;

(ખ) લોકો જોઇ શકે એવા કેસના કોઇ રેકર્ડમાંના પોતાના હુકમો અથવા ચુકાદામાં સાક્ષીઓના નામ અને સરનામાનો ઉલ્લેખ ટાળવા બાબત;

(ગ) સાક્ષીઓની ઓળખ અને સરનામા જાહેર નથી થયા તે સુનિશ્ચિત કરવા માટે કોઇ આદેશો આપવા બાબત;

(ઘ) આવી કોર્ટ સમક્ષની તમામ અથવા કોઇ અનિર્ણિત કાર્યવાહી કોઇ રીતે પ્રસિદ્ધ ન કરવી જોઇશે એ મતલબનો નિર્ણય જાહેર હિતમાં કરવા બાબત.

(૪) પેટા-કલમ (૩) હેઠળ લીધેલ કોઇ નિર્ણય અથવા આપેલ કોઇ આદેશનું ઉલ્લંઘન કરે તેવી કોઇ વ્યકિત, એક વર્ષની મુદત સુધીની કેદની અને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

મિલકત ટાંચમાં લેવા અને સરકાર દાખલ કરવા બાબત.

૧૮. (૧) કોઇપણ વ્યકિત, કોઇ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાના કોઇ હિતસંબંધ ધરાવતી અથવા તેનો કબજો ધરાવતી હોવી જોઇશે નહિ.

(૨) આ અધિનિયમ હેઠળ થયેલા કોઇ ગુનાની તપાસ કરતાં કોઇ અધિકારીને એમ માનવાને કારણ હોય કે જેના સંબંધમાં તપાસ કરવામાં આવી રહી છે તેવી કોઇ મિલકત, કોઇ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાના હિતસંબંધને પરિણામે ઊભી થયેલ છે, તો તેઓ રાજય સરકારની લેખિતમાં પૂર્વ-મંજૂરી લઇને એવી મિલકત, સ્થાવર અથવા જંગમ અથવા તે બંને કબજે લેવાનો હુકમ કરશે અને એવી મિલકત કબજે લેવાનું વ્યવહાર્ય ન હોય ત્યારે, એવો ટાંચનો હુકમ કરશે કે એવી મિલકત, એવો હુકમ કરતા અધિકારી અથવા યથાપ્રસંગ, વિશેષ કોર્ટની પૂર્વ-પરવાનગી સિવાય તબદીલ કરવામાં આવશે નહિ અથવા અન્યથા તેની તજવીજ કરવામાં આવશે નહિ અને એવા હુકમની એક નકલ, સંબંધિત વ્યકિત પર બજાવવી જોઇશે.

(૩) તપાસ કરનાર અધિકારીએ, એવી મિલકત કબજે લેવાયાની અથવા ટાંચમાં લેવાયાની જાણ, વિશેષ કોર્ટને અડતાળીસ કલાકની અંદર યોગ્ય રીતે કરવી જોઇશે.

(૪)	વિશેષ કોર્ટ-એ, પેટા-કલમ (૨) હેઠળ કરેલ કબજે લેવાના અથવા ટાંચના હુકમને બહાલ રાખવો જોઇશે અથવા રદ કરવો જોઇશે :

પરંતુ જેની મિલકત ટાંચમાં લેવાતી હોય તે વ્યકિતને રજૂઆત કરવાની તક આપવામાં આવી હોય તે સિવાય, વિશેષ કોર્ટ-એ કોઇ હુકમ કરવો જોઇશે નહિ.

(૫)	(ક) તપાસ કરનાર પોલીસ અધિકારીએ કરેલ લેખિત રિપોર્ટ પરથી, કોઇ વિશેષ કોર્ટને એમ માનવાને કારણ હોય કે આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનો કરેલ હોય તેવી કોઇ વ્યકિત એટલા માટે ફરાર થયેલ છે અથવા પોતાની જાતને છુપાવી રહી છે કે જેથી તેની ધરપકડ ન થઇ શકે તો, અધિનિયમની કલમ ૮૨-માં ગમે તે મજકૂર હોય તે છતાં, વિશેષ કોર્ટ, નિર્દિષ્ટ સ્થળે અને એવી જાહેરાતની પ્રસિદ્ધિની તારીખથી, ઓછામાં ઓછા પંદર દિવસ પણ વધુમાં વધુ ત્રીસ દિવસના નિર્દિષ્ટ સમયમાં તેને હાજર થવા ફરમાવતી લેખિત જાહેરાત પ્રસિદ્ધ કરી શકશેઃ

પરંતુ તપાસ કરનાર પોલીસ અધિકારીએ, જાહેરાત બહાર પાડવા માટે વિશેષ કોર્ટને રિપોર્ટ કરવો જોઇશે નહિ સિવાય કે આવી વ્યકિત સામે ગુનો નોંધાયાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, ફરાર થયેલ હોય અથવા પોતાની જાતને છુપાવી રહ્યો હોય તેવા ગુનેગારની ધરપકડ કરવાનો પ્રયત્ન તેમણે કર્યો હોય અને તેમાં નિષ્ફળ ગયા હોય.

(ખ)	ખંડ (ક) હેઠળ જાહેરાત બહાર પાડનાર વિશેષ કોર્ટ કોઇ સમયે, આવા આરોપીની માલિકીની કોઇ સ્થાવર અથવા જંગમ અથવા તે બંને મિલકત ટાંચમાં લેવા માટેનો હુકમ કરી શકશે અને તેમ થયે, અધિનિયમની કલમો ૮૩થી ૮૫-ની જોગવાઇઓ એવી ટાંચને લાગુ પડશે.

(ગ)	આરોપી, જાહેરાતની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર જાહેરાતમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિશેષ કોર્ટ સમક્ષ હાજર થવામાં કસૂર કરે, તો વિશેષ કોર્ટ-એ એવી મિલકતને તમામ બોજાથી મુકત સરકાર દાખલ કરવા માટેનો હુકમ કરવો જોઇશે.

(ઘ)	ખંડ (ગ) હેઠળ મિલકત સરકાર દાખલ થયાની તારીખથી છ મહિનાની મુદતની અંદર, જેની મિલકત સરકાર દાખલ કરવામાં આવેલ છે તે આરોપી, વિશેષ કોર્ટ સમક્ષ સ્વેચ્છાએ હાજર થાય અને કોર્ટને ખાતરી થાય તે રીતે એમ સાબિત કરે કે તે ધરપકડ ટાળવાના હેતુ માટે ફરાર થયેલ ન હતો અથવા પોતાની જાતને છુપાવી દીધી ન હતી અને તેને જાહેરાતની એવી નોટિસ મળી ન હતી, તો વિશેષ કોર્ટ, એવી મિલકત સરકાર દાખલ કરવાનો હુકમ રદ કરી શકશે.

(૬)	આરોપી, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુના માટે દોષિત ઠર્યો હોય, ત્યારે વિશેષ કોર્ટ, કોઇ શિક્ષાનો ચુકાદો આપવા ઉપરાંત, લેખિતમાં હુકમથી, આરોપીની માલિકીની હોય તેવી અને હુકમમાં નિર્દિષ્ટ કરેલી કોઇ મિલકત, જંગમ અથવા સ્થાવર અથવા તે બંને, તમામ બોજાથી મુકત સરકાર દાખલ થયેલ ગણાશે એવું જાહેર કરી શકશે.

**સ્પષ્ટીકરણ.**- આ કલમના હેતુ માટે ''કોઇ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાનો હિતસંબંધ'' એટલે કોઇ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનો કરવાથી મેળવેલી અથવા પ્રાપ્ત કરેલી હોય તેવી અથવા કોઇ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાના સગડરૂપ (શોધી શકાય તેવા) ફંડ મારફત મેળવેલ હોય તેવી તમામ પ્રકારની મિલકતો, જેમાં કોના નામે આવો હિતસંબંધ છે અથવા કોના કબજામાંથી તે મેળવેલ છે તે ધ્યાનમાં લીધા સિવાય, રોકડનો તેમાં સમાવેશ થશે.

અમુક તબદીલીઓ રદ બાતલ થવા બાબત.

**૧૯.** કલમ ૧૮ હેઠળ કબજે લેવાનો અથવા ટાંચમાં લેવાનો હુકમ કર્યા પછી, એવા હુકમમાં ઉલ્લેખેલ કોઇ મિલકત ગમે તે કોઇ રીતે તબદીલ કરવામાં આવે ત્યારે, આ અધિનિયમ હેઠળની કાર્યવાહીના હેતુ માટે, આવી તબદીલી ધ્યાનમાં લેવાશે નહિ અને પછીથી એવી મિલકત સરકાર દાખલ થાય, તો એવી મિલકતની તબદીલી રદબાતલ ગણાશે.

## પ્રકરણ ૫

## પ્રકીર્ણ

અધિનિયમની અમુક જોગવાઇઓ સુધાર્યા પ્રમાણે લાગુ પાડવા બાબત.

**૨૦.** (૧) અધિનિયમમાં અથવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર દરેક ગુનો, અધિનિયમની કલમ ૨-ના ખંડ (ગ)ના અર્થ મુજબ 'પોલીસ અધિકારનો ગુનો' ગણાશે અને તે ખંડમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ''પોલીસ અધિકારના કેસ''નો તદનુસાર અર્થ કરવામાં આવશે.

(૨) અધિનિયમની કલમ ૧૬૭, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુના સહિતના કેસના સંબંધમાં તેની પેટા-કલમ (૨) માં નીચેના ફેરફારો અધીન રહીને લાગુ પડશે,-

(ક) ''પંદર દિવસ'' અને ''સાઠ દિવસ'' એ સંદર્ભ જયાં જયાં આવતા હોય ત્યાં તેનો અર્થ, અનુક્રમે ''ત્રીસ દિવસ'' અને ''નેવું દિવસ'' તરીકે કરવો.

(ખ) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

''વધુમાં, નેવું દિવસની સદરહુ મુદતની અંદર તપાસ પૂરી કરવાનું શકય ન હોય, તો વિશેષ કોર્ટ-એ, તપાસની પ્રગતિ અને નેવું દિવસની સદરહુ મુદત ઉપરાંત આરોપીની અટકાયત માટેના વિશિષ્ટ કારણો દર્શાવતા પબ્લિક પ્રોસિકયુટરના રિપોર્ટ ઉપરથી સદરહુ મુદત એકસો એંશી દિવસ સુધી લંબાવવી જોઇશે.

(૩) આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યાના આરોપ પરથી કોઇ વ્યકિતની ધરપકડ સાથે સંકળાયેલ કોઇ કેસના સંબંધમાં, અધિનિયમની કલમ ૪૩૮નો કોઇપણ મજકૂર લાગુ પડશે નહિ.

(૪) અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની આરોપી હોય તેવી કોઇપણ વ્યકિત, અટકાયત (કસ્ટડી)માં હોય તો, તેને જામીન પર અથવા તેના પોતાના જાતમુચરકા (બોન્ડ) પર મુકત કરવી જોઇશે નહિ, સિવાય કે-

(ક) પબ્લિક પ્રોસિકયુટરને એવી મુકિતની અરજીનો વિરોધ કરવાની તક આપવામાં આવી હોય; અને

(ખ) પબ્લિક પ્રોસિકયુટર-એ અરજીનો વિરોધ કર્યો હોય ત્યારે, વિશેષ કોર્ટને એવી ખાતરી થઇ હોય કે આરોપી એવો ગુનો કરવા માટે દોષિત નથી એમ માનવા માટે વાજબી કારણ છે અને જામીન પર હોય ત્યારે તે કોઇ ગુનો કરે તેવું સંભવ નથી.

(૫) અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વિશેષ કોર્ટ-એ એવી નોંધ લીધી હોય કે પ્રસ્તુત ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ અથવા કોઇ બીજા અધિનિયમ હેઠળના ગુનામાં જામીન પર હતો, તો તેના જામીન મંજૂર કરવા જોઇશે નહિ.

(૬) જામીન મંજૂર કરવા માટે પેટા-કલમો (૪) અને (૫) માં નિર્દિષ્ટ કરેલ મર્યાદા, અધિનિયમ અથવા જામીન મંજૂર કરવા માટે તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળની મર્યાદા ઉપરાંતની છે.

(૭) આરોપનામા પહેલાં અથવા ઈન્સાફી કાર્યવાહી પહેલાં ન્યાયિક અટકાયત (જયુડિશિયલ કસ્ટડી)માંથી કોઇ વ્યકિતની કસ્ટડી માંગતા પોલીસ અધિકારીએ, એવી કસ્ટડી માંગવા માટેના અને પોલીસ કસ્ટડી મેળવવામાં વિલંબ, કોઇ થયેલ હોય, તો તેના કારણોનો ખુલાસો આપતું લેખિત નિવેદન ફાઇલ કરવું જોઇશે.

**કલમ ૩ હેઠળના ગુના તરીકે માની લેવા બાબત.**

૨૧. (૧) કલમ ૩ હેઠળ શિક્ષાપાત્ર આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુના માટેની ફોજદારી કાર્યવાહીમાં, એમ સાબિત થાય કે-

(ક) આરોપીના કબજામાં સંબંધિત દસ્તાવેજો અથવા કાગળો સહિતના ગેરકાયદેસર શસ્ત્રો અને બીજી સામગ્રી મળી આવી હતી અને એમ માનવાને કારણ હોય કે એવા દસ્તાવેજો અથવા કાગળો સહિતના એવા ગેરકાયદેસર શસ્ત્રો અને બીજી સામગ્રી એવો ગુનો કરવામાં વપરાઇ હતી; અથવા

(ખ) નિષ્ણાતના પુરાવાથી ગુનાના સ્થળે આરોપીના આંગળાની છાપ મળી આવેલ હતી અથવા આવો ગુનો કરવાના સંબંધમાં વપરાયેલ સંબંધિત દસ્તાવેજો અથવા કાગળો સહિતના ગેરકાયદે શસ્ત્રો અને બીજી સામગ્રી અને ઉપયોગમાં લીધેલ વાહન મળી આવેલ હતા,

તો વિશેષ કોર્ટ, વિરુદ્ધનું સાબિત થાય તે સિવાય, આરોપીએ આવો ગુનો કરેલ હતો તેમ માની લેશે.

(૨) કલમ ૩ ની પેટા-કલમ (૨) હેઠળના શિક્ષાપાત્ર ગુના માટેની ફોજદારી કાર્યવાહીમાં એવું સાબિત થાય કે આરોપીએ, આવી વ્યકિત આતંકવાદી કૃત્યના અથવા સંગઠિત ગુનાની આરોપી છે તેવી વ્યકિતને અથવા તેના આરોપી હોવાની વાજબી શંકા છે તેમ જાણવા છતાં, તેવી વ્યકિતને કોઇ નાણાકીય સહાય પૂરી પાડી હતી તો, વિશેષ કોર્ટ, વિરુદ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેશે કે આવી વ્યકિતએ સદરહુ પેટા-કલમ (૨) હેઠળનો ગુનો કર્યો છે.

**ગુનાની ન્યાયિક નોંધ અને તેની તપાસ બાબત.**

૨૨. (૧) અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(ક) પોલીસ અધિકારીએ, આ અધિનિયમ હેઠળનો સંગઠિત ગુનો કરવા વિશેની કોઇપણ માહિતી, સંબંધિત જિલ્લાની રેન્જનો હવાલો ધરાવતા અધિકારી અથવા યથાપ્રસંગ, પોલીસ કમિશનરથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીની પૂર્વ-મંજૂરી વગર નોંધવી જોઇશે નહિ.

(ખ) નાયબ પોલીસ અધીક્ષકથી ઊતરતા દરજ્જાના અથવા રાજય સરકારે જયાં પોલીસ કમિશનરની નિમણૂક કરી હોય તેવા વિસ્તારો માટે, નાયબ પોલીસ અધીક્ષકથી ઊતરતા દરજ્જાના કોઇપણ પોલીસ અધિકારીએ, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળના કોઇપણ ગુનાની તપાસ કરવી જોઇશે નહિ.

(૨) રાજય સરકારની પૂર્વમંજૂરી વગર કોઇપણ વિશેષ કોર્ટ-એ, આ અધિનિયમ હેઠળના કોઇ ગુનાની ન્યાયિક નોંધ લેવી જોઇશે નહિ.

**પોતાની ફરજોના પાલનમાં ચૂક થયે, રાજય સેવકોને શિક્ષા બાબત.**

૨૩. સંગઠિત ગુના સિન્ડિકેટના કોઇ સભ્યને કોઇ ગુનો કર્યા પહેલાં અથવા પછી, કલમ ૨-ના ખંડ (ચ) અને ખંડ (ઝ)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનામાં કોઇ રીતે કોઇ મદદ અથવા સહાય પૂરી પાડે અથવા આ અધિનિયમ હેઠળના કાયદેસરના પગલાં લેવાથી દૂર રહે અથવા આ સંબંધમાં કોઇ કોર્ટ કે ઉચ્ચ પોલીસ અધિકારીઓના આદેશોનું પાલન કરવાનું ઇરાદાપૂર્વક ટાળે તેવા કોઇપણ રાજય સેવકને, ત્રણ વર્ષ સુધીની મુદતની કોઇપણ પ્રકારની કેદની અને દંડ સાથેની શિક્ષા થશે.

ઉપરવટ અસર હોવા બાબત.

૨૪. તત્સમયે અમલમાં હોય એવા બીજા કોઈપણ કાયદામાં અથવા કાયદાનો અમલ ધરાવતા કોઈ લેખમાં કંઈપણ અસંગત અસર હોય તેમ છતાં, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અથવા કોઈ હુકમની જોગવાઈઓની અસર રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

૨૫. આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અથવા કોઇ હુકમ અનુસાર, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્યના સંબંધમાં, રાજય સરકાર અથવા રાજય સરકારના કોઇ અધિકારી અથવા સત્તાધિકારી સામે કોઈપણ દાવો,"ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

નિયમો કરવાની હાઈકોર્ટની સત્તા.

૨૬. હાઈકોર્ટ, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઈઓને પાર પાડવા માટે, પોતે જરૂરી ગણે એવા વિશેષ કોર્ટને લગતા નિયમો કરી શકશે.

નિયમો કરવાની રાજય સરકારની સત્તા.

૨૭. (૧) કલમ ૨૬ હેઠળ નિયમો કરવાની હાઇકોર્ટની સત્તાને બાધ આવ્યા સિવાય, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તે અથવા તેની તરત પછીના સત્ર દરમિયાન, રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા કંઇ ફેરફાર કરે તે, રાજપત્રમાં તાત્કાલિક પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર